ફો.પ.અ.નં.૯૪/૨૦૨૨.

ક્રિ.પ્રો.કો.ક.૯૭ મુજબની અરજીના કામે આંક–૧ લગત હુકમ :–

૧. અરજી સાથે રજુ દસ્તાવેજો, સામા પક્ષના વાંધા જવાબ વંચાણે લીધા. તથા બન્ને પક્ષની રજુઆત સાંભળી.

૨. અરજદારે હાલની અરજી સી.આર.પી.સી. કલમ ૯૭ મુજબ કરી તેઓની સગીર દીકરીઓ (૧) શીવુ ઉ.વ.પ, (૨) સાક્ષી ઉ.વ.૧૨ નો કબજો આ કામના સામાવાળા/તેણીના પતિ પાસેથી મેળવવા સર્ચ વોરંટ ઈસ્યુ કરવા કરેલ છે.

અરજીની ટુંકમા હકીકત જોતા આ કામના સામાવાળા તેમના પતી થાય છે. અરજદારે સામાવાળા વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ વિગેરે મુજબની એફ.આઈ.આર. તા.૧–૮–૨૨ ના રોજ નોંધાવેલ છે. સામાવાળા તેમના પતિએ બન્ને સગીર દીકરીઓને ધમકી આપી પોતાની પાસે રાખી લીધેલ છે. સામાવાળાને અન્ય સ્ત્રીઓ સાથે અનૈતીક સબંધ હોય અરજદારની દિકરીઓનુ ભવિષ્ય બગડે તેમ હોય તથા સામાવાળાએ અરજદારની દિકરીઓને ગોંધી રાખેલ હોય કલમ ૯૭ મુજબ સર્ચ વોરંટ ઈસ્યુ કરવા રજુઆત કરેલ છે. અરજદારે અરજીના સમર્થનમા જયુડી.મેજી.કોર્ટ, માંગરોળના કલમ ૯૭ મુજબની અરજીઓ લગત ભુતકાળમા થયેલ હુકમોની નકલ રજુ રાખી તે ધ્યાને લઈ અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

૩. સામા પક્ષને નોટીસની બજવણી થતા વકીલશ્રી મારફત હાજર થઈ આંક–૬ થી લેખીત વાંધા જવાબ રજુ કરેલ છે. જેમા અરજદાર બન્ને સગીર દીકરીઓને સામાવાળાના ઘરે મુકીને જતા રહેલા હોવાની હકીકત જણાવેલ છે. વધુમા જણાવેલ છે કે બન્ને સગીર દીકરીઓના સામાવાળા પિતા હોય કુદરતી વાલી હોય તેમજ સામાવાળાએ દીકરીઓને ગોંધી રાખેલ ન હોય તેઓ વિરૂધ્ધ કલમ ૯૭ મુજબ સર્ચ વોરંટની દાદ મંજુર થઈ શકે નહીં. સામાવાળા તરફે પોતાના વાંધા જવાબના સમર્થનમા (૧) ૨૦૦૯ જી.એલ.એચ.–૧૯, (૨) ૨૦૧૩(૦)જી.એલ.એચ.ઈ.એલ. એચ.સી. ૨૨૯૩૪૫, (૩) ૨૦૧૩(૦) જી.એલ.એચ.ઈ.એલ. એચ.સી. ૨૨૯૩૩૯, (૪) ૨૦૧૪(૦) એ.આઈ.

જે.ઈ.એલ. એચ.સી. ૨૩૧૬૪૯ રજુ કરી દલીલ કરેલ છે કે સામાવાળા બન્ને સગીર દીકરીઓના પિતા તરીકે કુદરતી વાલી હોય સગીર દીકરીઓનો કબજો એ ગેરકાયદેસરન કબજો કહી શકાય નહીં તેવુ સદર ચુકાદાઓમા ઠરાવેલ છે. વધુમા રજુઆત કરતા જણાવેલ છે કે અરજદારે સગીર બાળકોની કસ્ટડી મેળવવા માટે ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટ અન્વયે અરજી કરવાના ઉપાય ઉપલબ્ધ હોય કલમ ૯૭ મુજબ સર્ચ વોરંટ ઈસ્યુ થઈ શકે નહીં તેમ જણાવી અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૪. રેકર્ડ તથા સમર્થનમા રજુ થયેલ દસ્તાવેજો તથા નામદાર વડી અદાલતોના ચુકાદા તેમજ સી.આર.પી.સી. કલમ ૯૭ ની જોગવાઈ વંચાણે લીધી જે નીચે મુજબ છે.

97. Search for persons wrongfully confined.—If any District Magistrate, Sub-divisional Magistrate or Magistrate of the first class has reason to believe that any person is confined under such circumstances that the confinement amounts to an offence, he may issue a search-warrant, and the person to whom such warrant is directed may search for the person so confined; and such search shall be made in accordance therewith, and the person, if found, shall be immediately taken before a Magistrate, who shall make such order as in the circumstances of the case seems proper.

આમ આ કામે બન્ને પક્ષની રજુઆત તથા સમર્થનમા રજુ થયેલ દસ્તાવેજો, ચુકાદાઓ તેમજ કલમ કલમ ૯૭ ની જોગવાઈ ધ્યાને લેતા સૌ પ્રથમ આ કામના સામાવાળા બન્ને સગીર દીકરીઓના પિતા કુદરતી વાલી હોવાની હકીકત બીન તકરારી છે. સામાવાળાએ પોતાના વાંધા જવાબમા સગીર પુત્રી સાક્ષી ધોરણ–૭ મા આર્યકન્યા ગુરૂકુળમા તથા પુત્રી શીવાની કે.જી. મા અભ્યાસ કરતા હોવાની હકીકત જણાવેલ છે. કલમ ૯૭ ની જોગવાઈ મુજબ કોઈ વ્યકિતને ગેરકાયદેસર રીતે ગોંધી રાખવામા આવેલ હોય તેમ માનવાને કારણ હોય તેવા સંજોગોમાં ગેરકાયદેસર રીતે ગોંધી રાખેલ વ્યકિતની તપાસ માટે સર્ચ વોરંટ ઈસ્યુ કરી શકાય. હાલના કેસમા સામાવાળા બન્ને સગીર દિકરીના પિતા છે તે હકીકત તેમજ સામા પક્ષે રજુ થયેલ નામદાર વડી અદાલતોના ચુકાદાઓ (૧) ૨૦૦૯ જી.એલ.એચ.–૧૯, (૨) ૨૦૧૩(૦)જી.એલ.એચ.ઈ.એલ. એચ.સી. ૨૨૯૩૪૫, (૩)

૨૦૧૩(૦) જી.એલ.એચ.ઈ.એલ. એચ.સી. ૨૨૯૩૩૯, (૪) ૨૦૧૪(૦) એ.આઈ. જે.ઈ.એલ. એચ.સી. ૨૩૧૬૪૯ મા ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતા બાળકોના પિતા કુદરતી વાલી હોય બાળકોનો કબજો ગેરકાયદેસરનો હોવાનુ માની શકાય નહીં. અરજદારને સગીર બાળકોનો કબજો મેળવવા માટે અન્ય કાયદાકીય ઉપાય ઉપલબ્ધ હોય હાલની કલમ ૯૭ ની અરજીની કાર્યવાહીમા સગીર બાળકોના તેમના કુદરતી વાલી પાસેથી કબજા સબંધે કોઈ નિર્ણય કરી શકાય નહીં કે સગીર બાળકોનો કબજો પિતા પાસે હોવાની બાબત એ સી.આર.પી.સી. કલમ ૯૭ મુજબ ''ગેરકાયદેસર અટકાયત'' હોવાનુ માની શકાય નહીં. આમ ઉપરોકત ચર્ચા અનુસાર ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–:: હુ ક મ ::–**

અરજદારની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૪ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : માંગરોળ
તા. ૨૪/૦૮/૨૦૨૨

**(ચંગીઝ મસવર રાઠોડ)**
**જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**માંગરોળ**
**જી.જે.૦૧૨૩૮.**